પશ્ચિમ રેલવે ડ્રોન ટેકનિક શરુ કરવામાં ભારતીય રેલ પર બની અગ્રેસર

અમદાવાદ, આધુનિક તકનીક સાથે કદમતાલ કરતાં પશ્ચિમ રેલવેએ અતિ સંવેદનશીલ ક્ષેત્રો, જ્યાં વેક્ટર ફેલાયેલ છે તથા જે માણસની આંખો અને હાથની પહોંચની બહાર છે એવા ક્ષેત્રોના વિસંક્રમણ માટે લોઅર પરેલ કારખાનામાં ડ્રોન તકનીકને અપનાવીને એક નવો મહત્વની ઉપલબ્ધી હાંસિલ કરી લીધી છે. આનાથી બિમારીઓને દૂર રાખવામાં મદદ મળે છે તથા કોચોમાં દૈનિક અનુસરણ કાર્યમાં સામેલ કર્મચારીઓને કાર્ય કરવામાં એક સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણ ઉપલબ્ધ કરાવવું સુનિશ્ચિત થયું. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી આલોક કંસલે ડ્રોન તકનીકના આ અભિનવ પ્રયોગની સમિક્ષા કરી છે તથા લોએર પરેલના મુખ્ય કારાખાના પ્રબંધક શ્રી તરુણ હુરિયા અને તેમની સમન્વય ટીમમાં સામેલ ઉપ મુખ્ય યાત્રિંક એન્જીનિયર શ્રી બી.એન. ગંગવાર અને શ્રી અરુણ કુમાર સિંહની સાથે સાથે તમામ સંબંધિત કર્મચારીઓ અને કામગારોને આ પ્રસંશનીય કાર્ય માટે હાર્દિક અભિનંદન આપ્યા. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર લોઅર પરેલ કારાખાના ભૌગોલિક દ્રષ્ટિએ મુંબઇના નીચલા વિસ્તારમાં આવેલ છે અને આ કારખાના ચોમાસા સિઝન દરમિયાન પાણી ભરાવવાની સમસ્યાથી હંમેશા અસરગ્રસ્ત હોય છે. એટલા માટે લોઅર પરેલ કારખાના દ્વારા દરેક વર્ષ કારખાના પરિસરની અંદર સાફ સફાઇ તથા સ્વચ્છ પરિસ્થિતીઓ બનાવી રાખવાની દ્રષ્ટિએ એક પ્રણાલીબધ્ધ પ્રક્રિયા અપવાવવામાં આવે છે, જેના અંતર્ગત રુફ ટોપ, વૈલી ગટર્સ, ડાઉનટેક પાઇપો, ડ્રેનેજ લાઇન અને સંપૂર્ણ યાર્ડની સાફ સફાઈ જેવી પ્રાથમિકતાના આધાર પર કરવા પડતા કાર્યો સામેલ છે. તેના સિવાય, પાણી ભરવવાની સમસ્યાથી બચવા માટે પિટ લાઈનોથી પાણી બહાર કાઢવા માટે હેવી ડયૂટી પમ્પ લગાડેલ છે અને શેડની બહાર રાખેલ સામગ્રીને વોટરપ્રુફ તારપોલનિ શીટ્સથી ઢાંકીને રાખવામાં આવે છે. ચોમાસુ ચાલુ થાય અને વિશેષ રુપથી હાલના કોરોના વાયરસ મહામારીને જોતાં એક વધુ મહત્વપૂર્ણ કારક પર ધ્યાન આપવાની અત્યંત આવશ્યકતા છે, જેમાં મોસ્કિટો વેક્ટર્સને વધુ સારી રીતે નિયંતત્રિત કરતાં હ્યુમન-વેક્ટર જન્ય રોગોના ફેલાવાને રોકવાનો ઉપાય સુનિશ્ચિત કરવામાં આવે છે. ઉચિત સમય પર સારી કીટનાશકનો છંટકાવ, લાર્વા અને મોટા મચ્છરોને નિયંત્રિત કરી શકે છે. સામાન્યરીતે તમામ દુકાનો અને સેક્શનોને હસ્તચાલીત સ્પ્રે દ્વારા લિક્વીડ પેસ્ટિસાઇડનો છંટકાવ કરીને તથા ધુમાડો કરીને સંક્રમણહીન કરવામાં આવે છે. તો પણ તેની કેટલીક સીમાઓ હોય છે. જેવી આ રુફટોપ વગેરે જેવી એલિવેટેડ ક્ષેત્રો પર કરી શકાતો નથી. આ મુશ્કેલીના દુર કરવા માટે સર્વપ્રથમ પ્રયાસ કરતા કૈરિજ રિપેયર વર્કશોપને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની સાથે એક ટીમ બનાવી છે અને વેક્ટર જન્ય રોગો જેવા મલેરિયા, ડેંગૂ અને ચિકનગુનિયા ની રોગથામ હેતુ જૂન માસ ૨૦૨૦ના અંતિમ સપ્તાહથી જ આખી વર્કશોપ પરિસરના મચ્છરોને પનપને ના દુર્ગમ સ્થાનોનના વ્યાપક વિસ્તારમાં ડ્રોન દ્વારા પણ વિસંક્રમણ કાર્ય કરવામાં આવી રહ્યુ છે. આ ટેક્નોલોજી વિશે જણાવતાં મુખ્ય કારખાના પ્રબંધક, લોઅર પરેલ શ્રી તરુણ હુરિયાએ જણાવ્યું કે સામાન્યત: પહોંચથી બહારના સ્થાન જેવા કે શેડ તથા ઈમારતોની છતો, વૈલી ગટર વગેરેમાં પનપને વાળા વેક્ટર જન્ય રોગોના મચ્છરોને મારવાના હેતુથી રેલવે કારખાનામાં પહેલી વખત ''એરિયલ માઈક્રોબિયલ ડિસઈન્ફેક્શન'' ની સહાયતા થી વિસંક્રમણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સમય દરમિયાન બે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં એક ડ્રોન દ્વારા મચ્છરોને પનપને ના દુર્ગમ સ્થાનોનો સાવધાનીપૂર્વક સર્વેક્ષણ કરવામાં આવે છે અને બીજા ડ્રોનની મદદથી તે સ્થાનો પર વિસંક્રામક દવાઓનો છંટકાવ કરવામાં આવે છે. આ ડ્રોનની મદદથી આખા કારખાનાના પરિસરમાં ૫૦૦ મીટર સુધીની ઉંચાઉના દુર્ગમ સ્થાનો પર પ્રતિદિન લગભગ ૧૨ કલાક સુધી ૧૫ લીટર વિસંક્રામક દવાઓનો છંટકાવ કરવામાં આવે છે. ઉપયોગમાં લેવામાં આવી રહેલ વિસંક્રામક દવાઓ ૬૫ પ્રકારના વાયરસ, ૪૦૦ પ્રકારના બેક્ટરિયા અને ૧૦૦થી વધુ પ્રકારના કવકો (કેહપ્રે) અટકાવવા માટે પણ અસરકારક છે. આ પ્રયાસોને મચ્છરો સિવાય લાર્વા અને મોટો મોટા મચ્છરોને અંકુશમાં લાવવા ફળસ્વરૂપ કારખાના કર્મિયો તથા આસપાસના ક્ષેત્રોમાં રહેતા લોકોને ઘણી રાહત મળી છે. આ સંપૂર્ણ ગતિવિધિઓનું વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવે છે, જેથી એ નક્કી થાય કે મચ્છરોને પનપને ના તમામ દુર્ગમ સ્થાનો પર છંટકાવ કરવામાં આવેલ છે. પ્રૌદ્યોગિકીની આ મદદથી ડ્રોનનો ઉપયોગ કરીને વિસંક્રમણ કાર્ય ફક્ત પશ્ચિમ રેલવે પર પહેલી વખત કરવામાં આવ્યુ છે પરંતુ આખી ભારતીય રેલ ખાતે આ પ્રકારનો પહેલો પ્રયોગ છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી ઠાકુર એ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના લોઅર પરેલ કારખાનુ વર્ષ ૧૮૭૯ માં બનેલ બ્રિટિશ યુગનું હેરિટેજ સ્મારક છે જેમાં એક શેડ અને પ્રશાસનિક ભવનના સુદૃઢ રુપને સારી રીતે મેન્ટેન કરેલ છે. આ કારખાનું ઘણુ જ જુનુ છે પરંતુ કારખાનાના વિરાસતી ગરિમાને જાળવીને અહી ન્યૂ જનરેશન કોચોના આવધિક ઓવરહોલિંગ નવીનતમ ટેકનિક ને અપનાવીને કરવામાં આવી રહેલ છે.

હજયાત્રાના નામે ૩૦થી વધુ લોકો પાસેથી ૧૮.૩૫ લાખની છેતરપીંડી

દાહોદ, દુનિયાભરના લાખો મુસલમાનો હજ માટે દર વર્ષે સાઉદી અરેબિયા જતા હોય છે. ઈસ્લામનું આ પ્રાચીન ધાર્મિક અનુષ્ઠાન સમગ્ર વિશ્વના મુસ્લિમો માટે અત્યંત મહત્ત્વનું હોય છે. સાઉદી અરેબિયાના મક્કા શહેરમાંના કાબાને ઈસ્લામમાં સૌથી પવિત્ર સ્થળ ગણવામાં આવે છે. પાંચ દિવસની હજયાત્રામાં દરવર્ષે લાખોની સંખ્યામાં મુસલમાનો હજયાત્રા માટે સાઉદી અરેબિયા જતા હોય છે, પરંતુ કેટલીક વખતે હજયાત્રા જવાનામાં ધૂતારાઓના હાથે છેતરપીંડીના બનાવો બનતા હોય છે. હાલ પંચમહાલના કાલોલમાંથી આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૩૦થી વધુ લોકો પાસેથી ૧૮.૩૫ લાખની છેતરપીંડીની ઘટના બની છે.

પંચમહાલના કાલોલમાં હજયાત્રાના બહાને લાખોની છેતરપિંડીની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. આ ઘટનામાં પંચમહાલના ૩૦થી વધુ લોકો પાસેથી આરોપીઓએ ૧૮.૩૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. લોકો પાસેથી રૂપિયા મળી ગયા બાદ આરોપીઓ રાતોરાત ફરાર થઈ ગયા હતા.

બૈંક ઓફ ઈન્ડિયા એનબીજી-સેન્ટ્રલ એ - ૧૦ મો ઝેડકોડ શરૂ કર્યો

બૈંક ઓફ ઈન્ડિયા - એનબીજી-સેન્ટ્રલ ના જનરલ મેનેજર શ્રી અરૂણકુમાર જૈને અમદાવાદ ના ઝોનલ મેનેજર શ્રી મનોજકુમાર સિંહ, ગુજરાત રાજ્યના ZCOD પ્રભારી શ્રી શ્વેતાંગ ત્રિવેદી સાથે દસમા ZCOD (ઝોનલ સેન્ટ્રલાઈઝ્ડ ઓપરેશન વિભાગ) ની શરૂઆત કરી. ડેટા / દસ્તાવેજ અપલોડ કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે બૈંક ઓફ ઈન્ડિયા ઝોનલ સેન્ટ્રલાઈઝ્ડ ઓપરેશન વિભાગ (ZCOD) ખોલીને કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. ZCOD શરૂ થવાથી ગ્રાહકના ઓન-બોર્ડિંગ સમયે તેમજ ડિપોઝિટ એકાઉન્ટ્સને જાળવવા અને તેમાં ટ્રાન્ઝેક્શનને મંજૂરી આપવા દરમિયાન કેવાયસી / એએમએલ / સીએફટી પાલન સાથે સંબંધિત મુદ્દાઓને અસરકારક રીતે દૂર કરવામાં મદદ મળશે. ગુજરાત રાજ્યના તમામ ૪ ઝોનની ૧૪૮ મેટ્રો અને શહેરી શાખાઓ આ ZCOD સાથે જોડવામાં આવશે. આ ZCOD માં શાખાઓના બચત બૈંક તથા ચાલુ બૈંક ખાતા ખોલવામાં આવશે.

કોરોનાના ડરથી ગુજરાતના અનેક મંદિરોના દરવાજા ભક્તો માટે બંધ કરાયા

અમદાવાદ, અનલોક ૧માં ૮ જૂનથી ગુજરાતભરના મંદિરો ખોલવાના આદેશ અપાયા હતા. ત્યારે ભક્તો પણ મંદિરોમાં દર્શન કરવા માટે આતુર બન્યા હતા. કેટલાક મંદિરના દરવાજા ૮મીએ ખૂલ્યા હતા, તો કેટલાક મંદિર તકેદારીના ભાગરૂપે બાદમા ખૂલ્યા હતા. પરંતુ હવે ભગવાનના દ્વારમાં ઘૂસેલા કોરોનાને પગલે ગુજરાતના કેટલાક મંદિરોએ પોતાના દરવાજા બંધ કરવાનો નિર્ણય લીધો છે. બોટાદનું સુપ્રસિદ્ધ સ્વામીનારાયણ મંદિર હરીભક્તો માટે બંધ કરાયું છે. કોરોનાને કારણે મંદિરના દરવાજા બંધ કરવાની જાહેરાત કરાઈ છે. કોરોનાનો કહેર હવે મંદિર સુધી પહોંચી ગયો છે. મંદિરના સંતો અને પૂજારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યાં છે. ત્યારે બોટાદમાં સાળગપુર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના દરવાજા આજથી હરિભક્તો માટે બંધ કરાયા છે. હરિભક્તોને હવે મંદિરમાં દર્શન માટે પ્રવેશ નહિ આપવામાં આવે. વધતા જતા કોરોના વાયરસના કેસોને પગલે મંદિર વિભાગ દ્વારા આ નિર્ણય લેવાયો છે. આજથી અચોક્કસ મુદત સુધી મંદિર બંધ રહેશે. ત્યારે હરિભક્તો મંદિરના ઓનલાઇન જ દર્શન કરી શકશે. ખેડામાં કોરોના સંક્રમણ વધી રહેવાને પગલે પ્રસિદ્ધ મીનાવાડા દશામાંનું મંદિર બંધ રહેશે. દશામા વ્રત દરમ્યાન મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોઇ આ નિર્ણય લેવાયો છે. કોરોનાના વધતા કેસોને પગલે સંક્રમણ અટકાવવા મંદિર મેનેજમેન્ટ દ્વારા આ નિર્ણય લેવાયો છે. દશામા વ્રત દરમ્યાન ૨૦ જુલાઈથી ૫ ઓગસ્ટ દરમ્યાન મીનાવાડા દશામાં મંદિર બંધ રહેશે. તો જૂનાગઢમાં જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય સુવર્ણ મંદિર ભાવિકો માટે બંધ કરાયું છે.

જાહેરમાં ન થુંકવાની લોક જાગૃત્તિ આપવા અને ગ્રાહક સાથે અંતર જાળવવા માટે એસ.ટી. ડેપો નજીકના પાન પાર્લરના માલિકનો નવો કિમીયો

ગાંધીનગર, સ્વચ્છતા હોય ત્યાં પ્રભુતા તેવી લોકમુખે વાત થતી હોય છે. હાલના સમયમાં સ્વચ્છતા હોય ત્યાં પ્રભુ આપણને નિરોગી બનાવે છે. આજકાલ કોરોનાના રોગમાં મારી આજીવિકા સમા પાના-મસાલાના ગલ્લા પાસે હું સ્વચ્છતા રાખીશ તો હું અને મારા ત્યાં આવતાં લોકોનું સ્વાસ્થ્ય સારું રહેશે, તેવું ગાંધીનગરના એસ.ટી.ડેપો સામે પાન-મસાલાનો ગલ્લો ચલાવતા શ્રી ભરતભાઇ કે. પટેલે જણાવ્યું હતું. પાન- મસાલાનો ગલ્લો ચલાવતા શ્રી ભરતભાઇ કે. પટેલે જણાવ્યું હતું કે,ઓછું ભણ્યા છે, બાપ-દાદાની જમીન ભાગમાં આવી છે, તેમાં ખેતીવાડી કરીએ છીએ. પરંતુ મારા પરિવારનું સારી રીતે ગુજરાન ચલાવવા અને બાળકોને સારું શિક્ષણ આપવા ના છુટકે ઝેર રૂપી તમાકુ મિશ્રિત પાન-મસાલા અને ગુટખાનો વેપાર કરવો પડે છે. સાથે સાથે ચોકલેટ અને નાસ્તાના પડિકા વેચીએ છીએ. તેઓએ પોતાના મનની વાત કરતાં કહ્યું કે મને કોઈપણ વ્યક્તિ પાન – મસાલો લેવા મારા ગલ્લા પર આવે તેના કરતાં નાસ્તાનું એક પડિકું વેચવામાં આનંદ વધારે આવે છે. પહેલેથી હું મારા ગલ્લાની આસપાસ સ્વચ્છતા રાખતો હતો. પણ કોરોના વાયરસની મહાબિમારીમાં સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની ગાઈડલાઈન અનુસાર મને જાણવા મળ્યું કે, થૂકવાથી પણ કોરોના ફેલાઇ શકે છે, ત્યારથી મારા ગલ્લાની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા વધુ રાખવાની શરૂઆત કરી છે. તેમજ લોકોમાં જાગૃત્તિ આવે તેમજ લોકો પાન-મસાલો ખાઇને જાહેરમાં થુંકે નહિ તે માટે મારા ગલ્લા પાસે આટલું મોટું જાગૃત્તિનું બોર્ડ માર્યુ છે. જેનાથી મને બે ફાયદા થાય છે.. લોકો વાંચીને જરાક હસી- મજાક કરીને પોતાનો કચરો આપો આપ કચરાપેટીમાં નાખે છે અને થુંકવા જતા અટકાય છે. તેમજ મારા અને મારા ગ્રાહકો વચ્ચે સોશ્યિલ ડિસ્ટન્સ પણ જળવાઈ રહે છે. તેમજ એકલું માસ્ક ન પેહરવાથી દંડ વસૂલ થતો નથી.. જાહેરમાં થુંકવાથી પણ દંડ વસૂલ થઇ શકે છે, તેવો સરકારનો મેસેજ પણ સરળતાથી લોકો સુધી હું આપી શકું છું.. મને પણ કોરોના સામેના જંગમાં એક વોરિયર્સ હોવાનો આનંદ આવે છે.

સુરત : અમેરિકન કંપની જેવા ડુપ્લિકેટ માસ્ક વેચતા બે લોકોની ધરપકડ

સુરત, કોરોના મહામારી વચ્ચે સરકારે બહાર નીકળતી વખતે માસ્ક પહેરવું ફરજિયાત કર્યું છે. બીજી તરફ મહામારીના આ સમયમાં કેટલાક લોકો ડુપ્લિકેટ માસ્ક વેચીને કમાણી કરી રહ્યા છે. સુરતમાં અમેરિકન કંપનીના નામે ડુપ્લિકેટ માસ્ક વેચવાની ઓનલાઇન જાહેરાત વેચતા ત્રણ ભાગીદારો પૈકી બે ભાગીદારને પોલીસે પકડી પાડ્યા છે. કંપની વતી નિરીક્ષણનું કામ કરતા અમદાવાદના યુવાને માસ્કનો ઑર્ડર આપ્યો હતો, જે બાદમાં માસ્કની ડિલિવરી આપવા આવતા બે લોકો ઉધના દરવાજા પાસેથી રંગેહાથ પકડાયા હતા. બંનેને પકડીને પોલીસના હવાલે કરી દેવાયા છે.

કોરોના મહામારીમાં સૌથી વધુ માંગ માસ્ક અને હેન્ડ સેનિટાઇઝરની છે. આ સમયે પણ લોકો નકલી વસ્તુ લોકોને આપીને તગડી કમાણી કરવાનું ચૂકતા નથી. આ સમયે અમેરિકાની માસ્ક ઉત્પાદક કંપનીના વેચાણનું ગુજરાતમાં નિરીક્ષણનું કામ કરતા અમદાવાદના ભૂષણભાઈ દાણીને ૨૦ દિવસ અગાઉ જાણવા મળ્યું હતું કે ઈન્ડિયા માર્ટ વેબસાઈટ ઉપર ગૌરાંગ અશોકભાઈ ખેનીએ કેપ્ટસ એન્ટરપ્રાઇઝ પ્રા.લી. અને મે.ઝેરાબાઈટસ ટેક્નોલોજીના નામે ૩ એમ ૮૨૧૦ માસ્ક કંપનીના રૂ.૫૦૦ના બજાર ભાવથી ઓછા ભાવ રૂ.૨૮૦માં વેચી રહ્યા છે.

કંપનીના માસ્ક જેવા જ દેખાતા માસ્ક હલકી ગુણવત્તાના લાગતા ભૂષણભાઈએ ગૌરાંગનો સંપર્ક કરી તેને રિંગરોડ ટેક્ષટાઇલ માર્કેટ પાસે મળી ઓર્ડરની વાત કરી હતી. અમેરિકનન કંપનીના નામે ડુપ્લિકેટ માસ્ક વેચાણ અંગેની સતત ફરિયાદને લઈને તેમણે સુરત પોલીસનો સંપર્ક કરીને આ ઈસમોને પકડી પાડવા માટે એક પ્લાન તૈયાર કર્યો હતો. ડુપ્લિકેટ માસ્કનું વેચાણ કરતા ગૌરાંગે વરાછા લંબે હનુમાન રોડ ખાતે ભાગીદાર હીરેન ગોહિલ સાથે કંપનીના કર્મચારીની મુલાકાત કરાવી હતી. મુલાકાત કરવા લઇ જતા તેની સાથે વાત કરી ૩,૦૦૦ નંગ માસ્કનો ઓર્ડર આપી એડવાન્સ પેમેન્ટ રૂ.૫૦ હજાર પણ આપ્યું હતું. ગત સાંજે ૭ વાગ્યે ગૌરાંગ અને તેનો બીજો ભાગીદાર ધર્મેશ ધીરુભાઈ પાલડિયા ઉધના દરવાજા ખાતે ડુપ્લિકેટ માસ્કની ડિલિવરી આપવા આવતા તેમને રંગેહાથ ઝડપી પાડી સલાબતપુરા પોલીસને સોંપતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી

સુરતમાં ફરી લોકડાઉનનો માહોલ : કલમ ૧૪૪ લાગુ

સુરત, કોરોનાને ભરડામાં લેનાર ડાયમંડ સિટી સુરતની સ્થિતિ દિવસે ને દિવસે ખરાબ થઈ રહી છે. ૧૫ દિવસનાગાળામાં જ કોરોનાએ સમગ્ર શહેરને બાનમાં લીધું છે. સુરતમાં કોરોનાનો પેસારો અટકાવવા માટે ચા-પાન મસાલાની દુકાનો પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે પરંતુ, હવે સુરત શહેરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરી વિસ્તારમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે, જેમાં જાહેર સ્થળોએ ચારથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુરત પોલીસ કમિશનર આર.પી. બ્રહ્મભટ્ટ દ્વારા સીઆરપીસી ૧૪૪ મુજબ લાગુ કરતું એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જે મુજબ તા. ૧૫મી જુલાઈથી ૨૯મી જુલાઈ સુધી આ લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. આ અગાઉ માર્ચમાં પણ સુરતમાં કોરોનાને અટકાવવા માટે કલમ ૧૪૪ લાગુ કરાઈ હતી. શહેરના રેસ્ટોરન્ટ, ખાણીપીણીના સ્થળો સહિત જાહેર અને ખાનગી સ્થળો કે જ્યાં લોકો મોટી સંખ્યામાં એક્ઠા થતા હોય તે તમામ સ્થળોને બંધ રાખવા આદેશ આપ્યો છે. જાહેરનામામાં સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને મુક્તિ આપવામાં આવી છે. ઝસ રૂપાણી અને નીતિન પટેલ બાદ ગત સપ્તાહે આરોગ્ય સચિવ જયંતિ રવિએ સુરતની મુલાકાત લીધી હતી અને હવે આજે મુખ્યમંત્રીના ઝજી પંકજ કુમાર સુરતમાં પહોંચ્યા છે.

ઉલ્લેખનીય છે કે સુરત શહેરમાં વધતા જતા કેસોને કારણે ચિંતામાં વધારો થયો છે. ત્યારે આ મામલાને અનુલક્ષીને સુરત શહેરની કલેક્ટર કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર, કલેકટર, આરોગ્ય કમિશનર સાથે બેઠક યોજી હતી..કોરોનાના વધતા જતા કેસને લઈ બેઠક યોજી હતી. હીરા ઉદ્યોગને ફરી તાળા : સુરતના હીરા ઉદ્યોગમાં કોરોના વાયરસના વધતા કેસોને લઇને ફરી એક વખત એક સપ્તાહ સુધી હીરા બજાર બંધ રાખવાનો વેપારીઓએ સ્વૈચ્છિક નિર્ણય કર્યો છે.

આજથી એક સપ્તાહ સુધી સુરતના વરાછા ચોક્સી બજાર અને અને હીરા બજાર બંધ રહેશે. મહત્વનું છે કે ત્રણ દિવસ અગાઉ જ હીરા બજાર ફરી શરૂ થયું હતું. પરંતુ કોરોનાના કેસોમાં ફરી વધારો થતાં વેપારીઓએ સ્વૈચ્છિક જ બંધ પાળવાનું નક્કી કર્યું છે.

ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વે કરતી ટીમો પાસે પલ્સ ઓક્સિમીટરની પણ સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, ગાંધીનગર જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૨૦૦ જેટલા પલ્સ ઓક્સિમીટરની ફાળવણી કરવામાં આવી છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.મનુભાઇ સોલંકીએ જણાવ્યું છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઇ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરી હાથ ઘરવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ૪૫૦ થી ૪૬૦ જેટલી ટીમો હાલમાં કાર્યરત છે. તમામ ટીમ દ્વારા શંકાસ્પદ દર્દી સહેલાઇથી શોધી શકાય તેમજ સર્વેલન્સ દરમ્યાન શોધેલ શંકાસ્પદ દર્દીના લોહીમાં રહેલા ઓક્સિજનની ટકાવારી જાણી શકાય તેવા ઉમદા આશયથી તમામ ટીમ વાઇઝ પ્રત્યેક ટીમ પાસે પલ્સ ઓક્સિમીટર જરૂરી હોઇ ૨૦૦ જેટલા પલ્સ ઓક્સિમીટરની ફાળવણી કરવામાં આવી છે. આ અગાઉ પણ માંગણી પ્રમાણે ફાળવણી કરવામાં આવી હતી.

ફેસ શિલ્ડ પહેરો, ઉપયોગમાં સરળ, સંક્રમણથી બચાવે

અમદાવાદ, હવે માસ્ક જીવનનો એક ભાગ બની ગયો છે ત્યારે વડોદરાની જીપીએમએલ લેબોરેટરી દ્વારા ફેસ શિલ્ડ તૈયાર કરાયું છે. જીપીએમએલના ફાઉન્ડર ડો. હરિન્દુ વ્યાસે આ અંગે જણાવ્યું હતું કે, આ ફેસ શિલ્ડ એક કાનથી બીજો કાન ઢંકાઈ જાય તેટલી લંબાઈ ધરાવે છે અને નાકથી બે સેન્ટીમીટર દૂર રહેતું હોવાથી તમે ચશ્મા ઉપર પણ સહેલાઈથી પહેરી શકાય છો. એટલું જ ને ફેસ શિલ્ડ પહેર્યા બાદ તમે બોલો અને વાતાવરણને કારણે શિલ્ડ ઉપર ભેજ લાગે તો તે આપોઆપ દૂર થઈ જાય છે. વધુમાં ડો.વ્યાસે જણાવ્યું હતું કે, આ ફેસ શિલ્ડ મેઇડ ઇન ઈન્ડીયા છે અને આત્મનિર્ભર ભારતની ઝુંબેશને યોગ્ય છે. બાયકોટ ચાયના માટે ભારતમાં જ સ્ટાર્ટઅપ કરે છે તેમની પ્રોડકટની ગુણવતા ટેસ્ટ કરવા માટે લેબોરેટરી હોવી જરુરી છે.માસ્કના ઉપયોગની સાથે ફેસ શિલ્ડ પહેરીએ તો તેનાથી વિશેષ સલામતી થાય છે. નિષ્ણાતો કહે છે કે સોશીયલ ડીસ્ટન્સીંગ તથા હાથ ધોવાની ટેવ સાથે ફેસ શિલ્ડ પણ સંક્રમણ અટકાવવામાં વધારે સલામતી આપે છે.ફેસ શિલ્ડ હવામાં રહેલા કોરોનાના ડ્રોપલેટથી ચહેરા પર ચોટવાની સામે સલામતી આપે છે. આ ફેસ શિલ્ડ ખુબજ સરળતાથી સ્વચ્છ થઈ શક કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્કનો ઉપયોગ કરવાનું સ્વીકાર્ય બન્યું છે. ત્યારે ભારતીય સંસ્કૃતિના પાયામાં એટલે કે ૨૫૦૦ વર્ષ પહેલા મહાવીર સ્વામીએ મોઢા પર સફેદ માસ્ક જેને મુખ વસ્ત્રિકા અથવા ધાર્મિક તરીકે જૈન સમાજ કહે છે. ભારત વર્ષ ધાર્મિક ધર્મ પર આધારિત છે. જૈન સમાજના ચારેક જેટલા ફિરકા છે. સાધુ સંતો તેના પહેરવેશ પર થી ઓળખ થાય છે. કેટલાકને માથે વાળ નથી હોતા, લાંબી ચોટલી હોય છે. કેટલાક ટોપી, પાઘડી અથવા કપડું બાંધે છે. જ્યારે જૈન સાધુ મહારાજો મોઢે માસ્ક વર્ષોથી પહેરે છે.તેટલુ નહી તેમની સાથે તે જ્યાં બેસે ત્યાં સાફ કરીને (વાળીને) બેસે છે. સાધુ કોઈને અડકતા નથી, હાથ પકડીને ચાલતા પણ નથી અને એક બીજાનું અંતર (ડીસટન્ટ) જાળવે છે. ખોરાક પણ સાત્વિક લે છે. ગરમ ઉકાળેલું પાણી પીએ છે. વિશ્વના ડોક્ટરોએ માસ્કનો સ્વિકાર કર્યો છે ત્યારે તેમા માસ્ક થી આગળ વધીને ફેસ શિલ્ડ એટલે કે આખો ચહેરો એક જ ફેસ શિલ્ડમાં સમાવી શકાય. કપાળ થી શરૂ કરીને દાઢી સુધી. નિષ્ણાંતો કહે છે કે, ટેસ્ટિંગ અને કોન્ટેક્ટ ટ્રેસિંગ વધારવા, સોસ્યિલ ડિસ્ટન્સિંગ તથા હાથ ધોવાની ટેવ સાથે ફેસ શિલ્ડ પણ સંક્રમણ ફેલાવો અટકાવવામાં મદદરૂપ થાય છે.

આણંદ જિ.પં.ની સામાન્ય સભા કૃષિ યુનિ.માં યોજાઇ

આણંદ, આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય સભા આજે સોશિયલ ડિસ્ટન્સ સહિતની ગાઇડલાઇનના પાલન સાથે ખેતીવાડી કેમ્પસની બી.એ.કોલેજ ઓફ એગ્રીકલ્ચરના હોલમાં યોજાઇ હતી. સભાના પ્રારંભ જિ.પં. પ્રમુખ નટવરસિંહ મહીડાએ ઉપપ્રમુખ વિનુભાઈ સોલંકી, ધારાસભ્ય કાન્તિભાઈ સોઢાપરમાર, ડીડીઓ આશિષકુમાર સહિત સભ્યો, અધિકારીગણ સૌને આવકારીને ઉપસ્થિત સભ્ય સંખ્યાથી કોરમ થયું હોવાથી સભા શરુઆત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીના કારણે આ વખતની સામાન્ય સભા લગભગ દોઢેક માસ વિલંબથી યોજાઇ છે. વિશ્વના દેશો સહિત આપણા દેશમાં, રાજયમાં અને આણંદ જિલ્લામાં પણ કોરોના પોઝિટિવ અને સંક્રમણની સંખ્યા વધી રહ્યાનું જણાવીને તેઓએ કોરોનાના કારણે મૃત્યુ પામેલાઓની શાંતિ માટે મૌન શ્રદ્ધાંજલિ અર્પવા, મૃતકના પરિવારજનોને દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તે માટે બે મિનિટ પ્રાર્થના કરવા અપીલ કરી હતી. જેથી સભાખંડમાં ઉપસ્થિત સૌએ પોતાના સ્થાન પર ઊભા થઇને બે મિનિટ મૌન પાળીને કોરોના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને શોકઠરાવ કરાયો હતો. ત્યારબાદ શરુ થયેલ સભામાં એજન્ડાના ૨૩ સહિત પ્રમુખસ્થાનેથી રજૂ થયેલ કામ સર્વાનુમતે મંજૂર કરાયા હતા. આજની બેઠકમાં લગભગ ચાર સભ્યોએ રજા રિપોર્ટ મોકલ્યો હતો. બેઠકમાં ગત સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી, જિ.પં.ની ૮ સમિતિઓની મળેલ સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા, પશુપાલન શાખામાં મદદનીશ પશુપાલન નિયામક અને હેડ કલાર્કનું મહેકમ ઊભું કરવાનું કામ આગામી વર્ષ ૨૦૨૧-૨૨થી મંજૂર કરવા બાબત, આણંદ જિલ્લામાં એક પશુરોગ નિદાન એકમ સ્થાપવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨થી સરકારની મંજૂરી મેળવવાની દરખાસ્ત આજની બેઠકમાં કરાઇ હતી.

આણંદ ફાયર બ્રિગેડ ખાતે જિલ્લાનો વાયરલેસ કંન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

આણંદ, ગુજરાત સરકાર દ્વારા આણંદ જિલ્લાના વડા મથક આણંદમાં નગરપાલિકા સંચાલિત ફાયર બ્રિગેડ ખાતે જિલ્લા કંન્ટ્રોલ વાયરલેસ સીસ્ટમનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ફાયર વિભાગમાં આવેલ ૮ ફાયર ફાઈટરોમાં જીપીએસ સીસ્ટમ વાયરલેસ સેટ ફીટ કરવામાં આવ્યા છે અને ફાયર બ્રિગ્રેડ ખાતે સમગ્ર જિલ્લાનો ફાયર કંન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. જેમાં ફાયરને લગતી ઘટનાઓની તાત્કાલિક અસરથી જાણકારી મળી રહેશે. મુખ્ય પેનલને ફાયર ફાઈટર વાહનોમાં ફિટ કરવામાં આવી છે. જેથી આગ અથવા અન્ય ઘટનાઓની માહિતીનો મેસેજ પાસ કરી શકાય. આગામી સમયમાં આણંદ જિલ્લાની સમગ્ર નગરપાલિકાઓમાં વાયરલેસ સીસ્ટમ ફીટ કરીને તેનું મુખ્ય મથક આણંદ ફાયર બ્રિગેડ બનાવવામાં આવશે તેમ ફાયર સુર્પિ. ધર્મશ ગોરે જણાવ્યું હતું. ાયર વિભાગમાં આવેલ ૮ ફાયર ફાઈટરોમાં જીપીએસ સીસ્ટમ વાયરલેસ સેટ ફીટ કરવામાં આવ્યા છે અને ફાયર બ્રિગ્રેડ ખાતે સમગ્ર જિલ્લાનો ફાયર કંન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. ફાયરને લગતી ઘટનાઓની તાત્કાલિક અસરથી જાણકારી મળી રહેશે. મુખ્ય પેનલને ફાયર ફાઈટર વાહનોમાં ફિટ કરવામાં આવી છે.

Nandini Texcom (India) Limited
B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002
Phone : 0261-4004596, Email : nandinitexcom@hotmail.com
CIN : L65910GJ1994PLC021165 www.nandinitex.com

Notice
Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. NTIL/BM/Q2/20-21/2) is scheduled to be held on Wednesday, the 22nd day of July, 2020 at 4.00 P.M. at registered office of the Company B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002 IN, Gujarat.
To consider and inter alia to approve the quarterly un-audited Result and limited review reports of the Company for the quarter ended on 30.06.2020 and any other matter with the permission of chair.

For, on the behalf of the board
Sd/-
Nishtha Pamnani
(Company Secretary)

Place : Surat
Date: 16-06-2020